# GANDHI JAYANTI ( HAPPY BIRTH DAY MOHAN )

આત્મીય સૃહદજન.

ભારત દેશની પરતંત્રતાનો સમય ઇ.સ. 998 થી ઇ.સ.1947 સુધીના આશરે 1000 વર્ષના સમયમાં આ દેશ માટે નિસ્વાર્થ દેશભક્ત બની સેવા કોણે કરી?? વિદેશીઓમાં ખાસ મુઘલ સામ્રાજ્ય અને અંગ્રેજોના સામ્રાજ્ય વખતે કયા મહાપુરુષો દેશ સેવા કરી ?? ચાલો એનું લિસ્ટ બનાવીએ તો આટલા નામો યાદ આવે, છત્રપતિ શિવાજી, મહારાણા પ્રતાપ, ગુરુ ગોવિંદસિંહ , લોકમાન્ય તિળક, ગાંધીજી, સરદાર પટેલ, ગોપાલ કૃષ્ણ ગોખલે ,વીર સાવરકર ,બાબાસાહેબ આંબેડકર, સુભાષચંદ્ર બોઝ ,શહીદ ભગતસિંહ, રાજગુરુ, સુખદેવ ચંદ્રશેખર આઝાદ, તાત્યા ટોપે, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને હજુ કોઈ નામ રહી જતું હોય તો મને યાદ અપાવજો. નિસ્વાર્થ દેશભક્ત શબ્દ લખી એવા જ મહાપુરુષોની યાદ આજે યાદ કરીએ છીએ જેમણે દેશભકિતના કાર્યમાં પોતાનો લેશમાત્ર પણ સ્વાર્થ ન હતો અને પોતાના સંતાનો અને પરિવારની પ્રગતિની ચિંતા કર્યા વિના આ દેશની મુક્તિ અને આ દેશના પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે, એવા દેશભક્તોની યાદી આપણે કરીએ છીએ, આજે આ બધા મહાપુરુષોના પરિવારના લોકો ક્યાં છે!!!કઈ હાલત માં છે!!! એની પણ આપણને ખબર નથી, એટલે જ હું નિસ્વાર્થ દેશભક્ત કહું છું. મિત્રો એમાંના એક મહાપુરુષ મારા આદર્શ પુરુષ એવા મહાત્મા ગાંધીનો જન્મ દિવસ આજે છે. ત્યારે કહેવાનું મન થાય કે આજકાલ નિસ્વાર્થ મહાપુરુષો માટે ગમે તેમ બોલવાની કુટેવ જોવા મળે છે, એનું કારણ મોઢામાં નીચેના તાળવામાં કાણું નથી અને જીભ બહાર લબડી પડવાનો ભય નથી એટલે ગમે તેમ બકવાસ કરનારા અણસમજુ લોકોને વિનંતી સાથે કહેવાનું થાય છે કે કોઈ મહાપુરુષના નિસ્વાર્થ જીવનમાં ડોકિયું કરવાનો પ્રયત્ન કર્યો છે કોઈ દિવસ????? આપણે આપણા જીવનમાં દેશ માટે કંઈ નિસ્વાર્થ એકાદ કામ કર્યું છે.??? પાંચ મિનિટ પણ દેશ માટે ફાળવી છે.??? તો કોઈના વિશે એલ ફેલ બોલવાનો આપણને અધિકાર નથી.

ગાંધીજી ,સરદાર પટેલ કે સુભાષ બાબુ અથવા વીર સાવરકર વગેરે વિશે બોલવાની હિંમત એ જ કરી કે જેણે એમના જેટલું સમર્પણ દેશ માટે કર્યું હોય.!!!! અને જેણે આવું કામ કર્યું હોય એ કદી બોલે પણ નહીં, એ પણ નિર્વિવાદ વાત છે , બસ એટલું સમજો કે આપણે એમના પગના જૂતા બરાબર પણ નથી, એમણે આટલી ભૂલો કરી, એમણે આવું કરવું જોઈતું ન હતું વગેરે વગેરે આવો બકવાટ કરનારા ઓ અલ્યા લપોળશંકરો !!!!! તમે દેશ માટે કંઈ કર્યું છે.???? દેશ માટે નિસ્વાર્થ ભાવે કામ કરવા આગળ આવો, કામ કરી બતાવો તો ખબર પડશે કે દેશ કાઝ કામ કરવામાં શું મુશ્કેલીઓ પડે છે.??? આઝાદી મળી ગઈ એટલે બધું પતી નથી ગયું, હજુ પણ દેશના લોકોમાં પ્રમાણિકતા નથી એ ચાહે નેતા હોય, વેપારી હોય , નોકરીયાત હોય કે ખેડૂત હોય . હજુ દેશમાં સ્વચ્છતા નથી, હજુ ઘણા બધા કાર્ય કરવાના બાકી છે!!!! હજુ આ દેશને દેશભક્તોની - નિસ્વાર્થ દેશભક્તોની ખૂબ જરૂર છે, પહેલા તો વિદેશીઓ આવીને આ દેશને લુંટતા હતા.!!!!!! અત્યારે તો આજ દેશના લોકો જ આ જ દેશના લોકોને લૂંટી રહ્યા છે એ કેમ પાલવે!!! ( તારા જ તને કનડે તે કેમ પાલવે ?) . દેશમાં ચાલતી અવ્યવસ્થા જોઈને આજનું યુવાધન હવે વિદેશ તરફ દોટ મૂકી રહ્યું છે. દર વર્ષે લાખો યુવાનો નોકરી- ધંધા , અભ્યાસના કારણે એન કેન પ્રકારે વિદેશ સ્થાયી થવા લાગ્યા છે , એમને જે વ્યવસ્થા જોઈએ છે તે આ દેશમાં નથી દેખાતી, એ બરાબર સમજી લો. પહેલા તો તમે બીજાને દોષ આપતા હતા કે મુઘલોએ અને અંગ્રેજોએ આવીને આવું આવું કર્યું ??? અને હવે શું કહેશો??? હવે રાજા હિન્દુસ્તાનીઓ દેશને લૂંટી રહ્યા છે, તો મહાપુરુષોના દોષ કાઢ્યા વિના તમે કંઈક નવું કરો ને બાપલા.!! હજુ દેશની જરૂર જ છે ભારતના વિકાસ માટે નિસ્વાર્થ કામ કરનાર લોકોની હાલ પણ જરૂર છે ,આગળ આવો અને કરી બતાવો. હજુ ભારતને વિશ્વ ગુરુ બનાવવાનું બાકી છે!!!! દેશ મહાન હતો ,પણ હાલ નથી ખોટા વહેમમાં રહેશો નહીં, અને ઓ ડફોળશંકર ભાઈ તું આગળ આવ અને કંઈક કામ કર અને પછી બોલને !!!!! જેને કંઈ કરવું નથી તે જ આવી બકવાસ વાળી વાતો કરે છે .

મિત્રો ગાંધી વિશે આજે હું વધારે નહીં કહું પણ એટલું થોડુ તો કહીશ કે આ ગાંધીએ 150 કરતા પણ વધારે લોકોને દેશભક્તિના માર્ગે ,નિસ્વાર્થ દેશભક્તિ વાળા બનાવ્યા હતા એ તમને ખબર છે???? લોખંડી સરદાર પટેલની શોધ પણ આ ગાંધીએ જ કરી હતી, રવિશંકર મહારાજ, ઠક્કરબાપા, પૂજ્ય મોટા, પૂર્ણિમાબેન પકવાસા, નાનાભાઈ ભટ્ટ, વિનોબા ભાવે, સ્વામી આનંદ, લાલ બહાદુર શાસ્ત્રી, મોરારજી દેસાઈ , ખાન અબ્દુલ ગફાર ખાન, અબ્બાસ તૈયબજી, મગનભાઈ ગાંધી, મીરાબહેન, સરોજિની નાયડુ, છોટુભાઈ પુરાણી ,મહાદેવભાઈ દેસાઈ, શારદા બહેન મહેતા, પ્રાણજીવન મહેતા, આચાર્ય કૃપલાણી, મનુભાઈ પંચોળી (દર્શક) ,સરલા દેવી, ઝવેરચંદ મેઘાણી, મોતીલાલ નહેરુ અને કસ્તુરબા આવા 150 કરતાં વધારે દેશભક્તો પેદા કર્યા હતા, અને આ આ લોકો ગુજરાત અને ભારતના ખૂણે ખૂણે જઈ નિસ્વાર્થ જીવન જીવી દેશ સેવા કરી હતી, બસ આ કમાલ- તાકાત ગાંધીની હતી. એવા ગાંધીનો આજે જન્મદિવસ છે, મિત્રો શરીરમાં ગુમડું થયું હોય તો શું આપણે આખા શરીરનો નાશ કરીએ છીએ ??? તો કોઈ કોઈ મહાપુરુષના હજારો કામ કર્યા હોય અને એકાદ બે કામ આપણી દ્રષ્ટિએ આપણને યોગ્ય ન લાગે તો એને ઇગ્નોર કરી અને 998 કામની તો પ્રશંસા કરવી જ રહે, તમને જે કામ એમના ગમ્યા નથી, એ કામ હવે તમે કરી બતાવો, બાકીનો સુધારો તમે લાવો. તમે એવા બે કામ કરો, હજુ આ દેશની જરૂર છે જ તમારી. દેશભક્તોએ અને શહીદોએ દેશ માટે ભારતના ઉજ્વળ વિકાસના સપના જોયા હતા તેને પૂર્ણ કરવા તમે આગળ આવો , કામે લાગો , કોઈના કામને ખરાબ ચીતર્યા વિના તમે કોઈ સારા કામની સારી શરૂઆત કરો , હજુ ઘણું કરવાનું બાકી છે. મિત્રો , બસ મારું કહેવું છે કે જાગ્યા ત્યાર થી સવાર.

ગાંધીજીના જીવનનો સમ્યક દ્રષ્ટિ રાખીને અભ્યાસ કરો, કોઈની વાહિયાત અફવા જેવી વાતને આગળ ધપાવતા પહેલા મહાપુરુષોના જીવનને જાણવાનો પ્રયત્ન કરો, ગાંધીએ એમના જીવનમાં કેટલા બધા કાર્યો કર્યા હતા.??? એ ખાલી યાદ કરો તો તમને ખબર પડશે કે એક વ્યક્તિએ કેટલું બધું કામ કર્યું હતું.?? ત્યારે જ આલ્બર્ટ આઈન્સ્ટાઈને ગાંધીજી માટે લખ્યું છે કે " આવનાર પેઢી ભાગ્યે જ માની શકશે કે આવા હાડ માંશની સુકલકડી કાયા વાળો આ માણસે પૃથ્વી પર ખરેખર આવા સુંદર પગલા ભર્યા હતા. " કોઈ એક વ્યક્તિથી આટલા બધા કામ શક્ય જ નથી,ગાંધી નામની બે ત્રણ વ્યક્તિ હશે. અથવા ગાંધી જેવી વ્યક્તિ જન્મી જ નહીં હોય,!!! આ તો કવિ ની કલ્પના નું પાત્ર છે. જો જો આવું ના થઈ જાય હો. મિત્રો ચાલો એની પણ નાની યાદી કરીએ, દેશને આઝાદી, હરિજનોનો ઉદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણ , સ્વચ્છતા ,સર્વ ધર્મ સમભાવ, આધ્યાત્મિકતા ,ખાદીનો પ્રચાર અને પ્રસાર ,દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ, દેશમાં સત્યાગ્રહો, સત્યાગ્રહ આશ્રમનું નિર્માણ, શાળા અને મહા શાળા- યુનિવર્સિટી શિક્ષણકાર્ય સિવાય પણ ઘણા બધા કામો કર્યા હતા. મહાપુરુષના જીવનને જાણવાનું કામ કરશો તો પણ સાચા અર્થમાં પૂજ્ય બાપુને આ મહાપુરુષને સાચી સ્મરણાંજલિ અર્પી કહેવાશે. અને અંતમાં એવા મારા આદર્શ પુરુષ મહાત્મા ગાંધીના આજના એમના જન્મદિવસે શતશ વંદન.

" અંતરની એરણ થી "

~આજા માનવના જય પરમાત્મા.